# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com


---

અખબારી યાદી

તા. ૨૦-૦૮-૨૦૨૩

- **આમ આદમી પાર્ટીના પ્રદેશ ઉપપ્રમુખ અને ઉત્તર ગુજરાતના જાણીતા સામાજીક આગેવાન શ્રી ભેમાભાઈ ચૌધરી, કોંગ્રેસપક્ષમાં વિધીવત રીતે જોડાયા.**
- **બિનરાજકીય સામાજિક સંગઠનોના આગેવાનો કોંગ્રેસ પક્ષમાં જોડાયા.**
- **ગુજરાતીઓની સેવા-સાધના માટેના કોંગ્રેસ પક્ષના સેવા યજ્ઞમાં જોડાવા પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે કરેલ આહવાનને ખૂબ સારો પ્રતિસાદ**
- **'હાથ સે હાથ જોડો' અભિયાનના કન્વીનર તરીકે પૂર્વ ધારાસભ્યશ્રી ઈન્દ્રનીલ રાજ્યગુરુને સોંપાઈ જવાબદારી.**

આમ આદમી પાર્ટીના પ્રદેશ ઉપપ્રમુખ અને ઉત્તર ગુજરાતના સામાજીક આગેવાન શ્રી ભેમાભાઈ ચૌધરી અને દાહોદ જીલ્લાના પ્રમુખ, ફતેપુરા વિધાનસભાના ઉમેદવાર રહી ચુકેલા શ્રી ગોવિંદભાઈ પરમાર આજ વિધીવત રીતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલના હસ્તે કોંગ્રેસ પક્ષનું સભ્યપદ ગ્રહણ કરેલ.

ગુજરાતીઓની સેવા-સાધના માટેના કોંગ્રેસ પક્ષના સેવા યજ્ઞમાં જોડાવા પ્રદેશ પ્રમુખ તરીકે શ્રી શક્તિસિંહ ગોહિલે કરેલ આહવાનને ખૂબ જ જોરદાર પ્રતિસાદ મળેલ છે. રાજકીય અને બિનરાજકીય અનેક આગેવાનો અને કાર્યકર્તાઓ અવિરત કોંગ્રેસના જોડાઈ રહ્યા છે.

'હાથ સે હાથ જોડો' અભિયાનની જાહેરાત કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, ભારત જોડો યાત્રા બાદ સમગ્ર દેશના વિવિધ પ્રદેશમાં 'હાથ સે હાથ જોડો' અભિયાન શરૂ કરવામાં આવેલ છે જેના ભાગરૂપે 'હાથ સે હાથ જોડો' અભિયાન માટે કન્વીનર તરીકે પૂર્વ ધારાસભ્યશ્રી ઈન્દ્રનીલ રાજ્યગુરુને જવાબદારી સોંપવામાં આવી છે. 'હાથ સે હાથ જોડો' અભિયાન માટે સમગ્ર રાજ્યમાંથી ૨૦ જેટલા આગેવાનોને સોંપાયેલી જવાબદારીમાં તેઓ વિવિધ જીલ્લાઓમાં અસરકારક કામગીરી કરશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

કોંગ્રેસ પક્ષમાં વિધીવત રીતે જોડાયા બાદ શ્રી ભેમાભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ભાજપનું કુશાસન ગુજરાતના લોકો માટે ત્રાસદાયક બની ગયું છે. યુવાનોને રોજગારી નથી, ખેડૂતો માટે યુરિયા ખાતર નથી, શિક્ષણ ખૂબ મોંઘુ થયું છે, મોંઘવારી આસમાને છે, દરેક જગ્યાએ પુષ્કળ ભ્રષ્ટાચાર છે, માટે ગુજરાતના હિતમાં સત્તા પરિવર્તન જરૂરી છે. કોંગ્રેસ પક્ષ સકારાત્મક એજન્ડા સાથે આજે આગળ વધી રહેલ છે ત્યારે જનહિતમાં અમે કોંગ્રેસ પક્ષમાં જોડાવાનો નિર્ણય કરેલ છે.

આજે રાજીવ ગાંધી ભવન ખાતે કોંગ્રેસ પક્ષમાં જોડાનાર નેતાઓ - કાર્યકરોના આવકાર કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી સિધ્ધાર્થ પટેલ, વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતાશ્રી શૈલેષ પરમાર, પ્રદેશ કોંગ્રેસ ઉપપ્રમુખશ્રી બિમલ શાહ, પૂર્વ ધારાસભ્યશ્રી ઈન્દ્રનીલ રાજ્યગુરૂ, મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનીષ દોશી, કોકન્વીનર અને પ્રવક્તાશ્રી હેમાંગ રાવલ, પ્રવક્તાશ્રી હિરેન બેંકર સહિત ઉપસ્થિત રહ્યા હતા.

હિરેન બેંકર

(હિરેન બેંકર)
પ્રવક્તા
મો૯૭૨૩૫૫૦૩૫૫ .